દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
સોમવાર ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬

# હુતીના સાઉદી પર હુમલાને લીધે ભારતે નિકાસ માટેના માર્ગનો વિકલ્પ શોધવો પડશે

મધ્ય પૂર્વમાં વધતો સૈન્ય સંઘર્ષ માત્ર પ્રાદેશિક શાંતિ માટે જ નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે પણ ગંભીર પડકાર બની રહ્યો છે. યમનના હુતી બળવાખોરો દ્વારા સાઉદી અરેબિયા અને આસપાસના વિસ્તારોને નિશાન બનાવવામાં આવે તો તેની અસર ભારત જેવા આયાત-નિકાસ આધારિત અર્થતંત્ર પર પડી શકે છે. ખાસ કરીને ક્રૂડ ઓઇલની આયાત, દરિયાઈ પરિવહન, નિકાસકારોના ખર્ચ અને વેપાર ખાધ પર તેની વિપરીત અસર થવાની શક્યતા છે.

ભારતનો મોટાભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર દરિયાઈ માર્ગે થાય છે. લાલ સમુદ્ર, બાબ અલ-મંદેબની સામુદ્રધુની અને સુએઝ નહેર યુરોપ તથા મધ્ય પૂર્વ સાથેના વેપાર માટે મહત્ત્વપૂર્ણ માર્ગો છે. યમનના હુતી બળવાખોરો આ વિસ્તારના જહાજોને નિશાન બનાવે તો શિપિંગ કંપનીઓએ જહાજોને આફ્રિકાના દક્ષિણ છેડે આવેલા કેપ ઓફ ગુડ હોપના લાંબા માર્ગે વાળવાની ફરજ પડી શકે છે.

આવા સંજોગોમાં ભારતથી યુરોપ જતી કાપડ, તૈયાર વસ્ત્રો, રસાયણો, હીરા-ઝવેરાત અને અન્ય ઔદ્યોગિક ચીજવસ્તુઓની નિકાસમાં વિલંબ થઈ શકે છે. લાંબા માર્ગને કારણે ઈંધણનો વપરાશ વધશે, જહાજોના ભાડામાં વધારો થશે અને માલની સમયસર ડિલિવરી કરવી મુશ્કેલ બનશે. પરિણામે ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મકતા પર અસર પડી શકે છે.

ભારત તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે. સાઉદી અરેબિયા ભારત માટે ઊર્જા પુરવઠાનો મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. જો હુમલાઓને કારણે સાઉદી અરેબિયાના તેલ ઉત્પાદન, નિકાસ ટર્મિનલ અથવા પરિવહન વ્યવસ્થાને નુકસાન થાય, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ વધી શકે છે. ક્રૂડ ઓઇલ મોંઘું થતાં પેટ્રોલિયમ ઉત્પાદનો, પરિવહન અને ઉત્પાદનનો ખર્ચ વધવાની શક્યતા રહે છે. ડીઝલના ભાવમાં વધારો થાય તો ટ્રક પરિવહન, ખેતી અને ઔદ્યોગિક ઉત્પાદન મોંઘાં બની શકે છે. તેની અસર અંતે સામાન્ય ગ્રાહકો સુધી પહોંચે છે. જોકે, ભાવમાં કેટલો વધારો થશે તે હુમલાની તીવ્રતા, પુરવઠાને થયેલા નુકસાન અને વૈશ્વિક બજારની પ્રતિક્રિયા પર આધારિત રહેશે.

સુરત ભારતનું મહત્ત્વનું કાપડ અને હીરા ઉદ્યોગનું કેન્દ્ર છે. મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ લાંબી ચાલે તો સુરત સહિત ગુજરાતના નિકાસકારો માટે મુશ્કેલી વધી શકે છે. શિપિંગ ખર્ચ વધવાથી કાપડ, તૈયાર વસ્ત્રો અને અન્ય ઉત્પાદનોની વિદેશી બજારમાં કિંમત વધી શકે છે. વિદેશી ખરીદદારો મોંઘા માલને બદલે અન્ય દેશોના ઉત્પાદકો તરફ વળી શકે છે. આ ઉપરાંત, નિકાસના ઓર્ડર સમયસર પૂરા ન થાય તો વેપારીઓને દંડ, ઓર્ડર રદ થવા અને નાણાંની ચુકવણીમાં વિલંબ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. ખાસ કરીને નાના અને મધ્યમ વેપારીઓ માટે વધતો પરિવહન ખર્ચ આર્થિક મુશ્કેલી ઊભી કરી શકે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ વધે તો ભારતની આયાત પાછળ થતો ખર્ચ વધશે. તેનાથી દેશની વેપાર ખાધ અને ચાલુ ખાતાની ખાધ પર દબાણ વધી શકે છે. વિદેશી ચલણની વધુ માંગ ઊભી થાય તો ભારતીય રૂપિયા પર પણ નબળો પડવાનું દબાણ આવી શકે છે.

રૂપિયો નબળો પડે તો આયાતી કાચો માલ, મશીનરી, ઇલેક્ટ્રોનિક્સ અને રસાયણો મોંઘાં બની શકે છે. ઉત્પાદન ખર્ચ વધવાથી સામાન્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાની શક્યતા રહે છે. જોકે, આ અસરોનો વ્યાપ સંઘર્ષ કેટલો લાંબો ચાલે છે અને આંતરરાષ્ટ્રીય બજાર કેવી પ્રતિક્રિયા આપે છે તેના પર નિર્ભર રહેશે.

આ સંકટનો સામનો કરવા ભારતે ક્રૂડ ઓઇલની આયાત માટે વિવિધ દેશો પર આધાર વધારવો, વૈકલ્પિક દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરવો અને વ્યૂહાત્મક તેલ ભંડારનો યોગ્ય ઉપયોગ કરવો જરૂરી છે. રશિયા, અમેરિકા અને અન્ય દેશોમાંથી આયાત વધારવી એક વિકલ્પ બની શકે છે, જોકે વૈકલ્પિક પુરવઠો પણ કિંમત અને પરિવહન ખર્ચથી મુક્ત નથી. સરકારે નિકાસકારોને વધતા શિપિંગ ખર્ચ અંગે સહાયરૂપ નીતિઓ ઘડવી જોઈએ. વેપારીઓએ માલના વીમા, વૈકલ્પિક પરિવહન વ્યવસ્થા અને ડિલિવરીના સમયનું આયોજન પણ વધુ સાવચેતીથી કરવું પડશે.

હુતી બળવાખોરોના સાઉદી અરેબિયા અને લાલ સમુદ્રના દરિયાઈ માર્ગો પરના હુમલા ભારત માટે માત્ર સુરક્ષાનો મુદ્દો નથી, પરંતુ આર્થિક પડકાર પણ છે. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, શિપિંગ ખર્ચમાં વૃદ્ધિ, નિકાસમાં વિલંબ અને મોંઘવારી જેવા જોખમો ઊભા થઈ શકે છે. ભારતે ઊર્જા પુરવઠાના વૈવિધ્યકરણ અને વેપાર માર્ગોની સુરક્ષા પર ધ્યાન આપવું પડશે. સંઘર્ષ લાંબો ચાલે તો તેની અસર વેપારીઓથી લઈને સામાન્ય ગ્રાહકો સુધી પહોંચી શકે છે. તેથી પ્રાદેશિક શાંતિ અને સુરક્ષિત દરિયાઈ વેપાર ભારતના આર્થિક હિત માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

# જીવનની વિસંગતિઓનાં આગવા રૂપોની કવિતા

કવિતામાં આધુનિક પ્રવાહ શરૂ થયો ત્યારે એ કવિતાના વિવિધ પ્રકારોમાં, પરંપરિત કાવ્યપ્રકારોમાં કામ કરવાનું વલણ કાંઈક ઓછું થયું હતું અને અછંદાસનો મહિમા વધ્યો હતો. અલબત્ત, એ સમયે જ રમેશ ખારોડ, અનિલ જોશી જેવાઓએ ગીતપ્રકારમાં આદિલ મન્સૂરી, ચીનુ મોદી, મનહર મોદી જેવાએ ગઝલ પ્રકારમાં એ પ્રભાવક કામ કર્યું. હરીશ મીનાક્ષુ તો ગીત, ગઝલ, ભજન સહિતનાં પ્રકારોમાં શૈલીવિશેષ દાખવવા સાથે આધુનિકતા સિદ્ધ કરતા આવ્યા છે. આ બધા કવિઓ અછાંદસમાં પણ પ્રભાવક કામ કરી શક્યા છે. અલબત્ત, ગુલામ મોહમ્મદ શેખ, રાવજી પટેલ, લાલશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચંદ્ર જેવા અછંદસમાં જે ઉત્તમ સિદ્ધ કરી શલ્યા તે તો ગુજરાતી

આધુનિક કાવ્યના શિખર સમું છે. નિખિલ ખારોડે ૭૩-૭૪ના વર્ષોમાં કાવ્યક્ષેત્રે પ્રવેશ કર્યો ત્યારે ગુજરાતી આધુનિક કવિતાનો પ્રથમ તબક્કો પ્રભાવકતાથી નવ્યદિશામાં ગતિ કરી ચૂક્યો હતો. નિખિલ આમ તો પીડિયાટ્રિક્સ છે, સાહિત્યનું અધ્યાપન કરાવનારા સર્જન-વિવેચન- અધ્યયનક્ષેત્રે કામ કરવું હોય તો તેમને તેમના નોકરી- વ્યવસાય અવકાશ આપે, તેટલું અન્ય નોકરી/ ધંધા કરનારા માટે અવકાશ નથી હોતો.

સિસૃક્ષાબળ હોય તો વાત જૂદી. પણ તેના ય તબક્કા હોય છે. ડૉ. નિખિલ ખારોડનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કિમ અધુના' ૧૯૯૩માં (પ્રકાશક પોતે જ) પ્રકાશિત થયેલો અને હવે ૨૦૨૬માં તેત્રીસ વર્ષ પછી 'અન્યથા' કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે. ૧૯૫૫માં જન્મેલા આ કવિ અત્યારે તો આરોગ્ય ચિકિત્સક્ષેત્રમાં પણ વિવિધ ભૂમિકાઓ કાર્ય કરતાં કરતાં...

સંવેદનાના વિવિધ રૂપ અને સામાજિક પ્રતિબદ્ધતા જ નહીં અધ્યાત્મ ચિંતનમાં પણ સહજ વિહાર કરી ચૂક્યા છે. 'અન્યથા'ના ભાવકને ૫૩ કવિતાઓમાં આ બધાના કાવ્યરૂપ-અનુભવ પમાશે.

સિતાંશુ, લાભશંકર, ગુલામ મોહમ્મદ શેખ જેવાના પ્રબળ કાવ્યવેગના સમયમાં પોતાની શૈલીમાં સ્થિર થવું મુશ્કેલ બને. નિખિલ ખારોડે તો વળી મુંબઈના કે જ્યાં એક તરફ સુરેશ દલાલ, હરિન્દ્ર દવે, જગદીશ જોશી જેવા સક્રિય હોય અને ભરત નાયક, કમલ વોરા, ભીખુ કપોડિયા, પ્રાણજીવન મહેતા જેવા કવિઓએ લખવું આરંભ્યું હોય ત્યારે કવિતા માંડે છે ને છતાં કહી શકાય કે નિખિલ ખારોડની કાવ્યાવ્યક્તિત્વામાં ભાવકને છેતરી જાય તેવી ભાષાકીય સાદગી સિદ્ધ થઈ છે.

ગુજરાતી કાવ્ય પરંપરાએ સિધ્ધ કરેલા અનેક કાવ્યપ્રકારો, તેના શૈલીવિશેષોમાં રહી કાવ્યત્વ પ્રયોજવું તે એક પ્રકારે વિદ્રોહ હતો અને સાથે જ આસપાસ વસતા મનુષ્યની સહજભાષા અનેક વળવળાંકો બોલાશનાં રૂપો પ્રયોજવી નવી બાની સર્જવાની હતી.

સંગ્રહની પ્રારંભમાં જ કવિતાનું શીર્ષક 'સુનિલ...!' છે જે આમ તો વ્યક્તિનામ છે. ડૉક્ટર તરીકે એક આઠ-દસ વરસના છોકરડા 'દર્દી'ને મળવાનું થયું.




**પુસ્તકઃ** અન્યથા (કાવ્યસંગ્રહ) **કવિઃ** નિખિલ ખારોડ **પ્રકાશકઃ** બીજલ પ્રકાશન, વડોદરા-૩૯૦ ૦૨૩ **કિંમત**ઃ રૂા. ૨૦૦/-

આખી કવિતા કથનાત્મક છે પણ દરેક પંક્તિએ કથન એક બીજું કથન રચે છે.

કરુણા અને સહાનુભૂતિના ભાવથી બંધાયેલો એક સંબંધ આખર સુધીમાં એક વિભ્રમ રચે છે. એ છોકરડાના ખોવાયેલા પિતાની શોધ કથકે પણ કરી છે ને કરી છે તો પછી પેલો એક છોકરો નથી રહેતો, આખી વ્યવસ્થા ને રોગની પીડાના બીજા રૂપો ઉઘડે છે.




નિખિલ ખારોડની કવિતા કોઈ ખખડાટ વિના ધીમે ધીમે એવી વ્યંજના રચી દે કે સ્તબ્ધ થઈ જવાય. 'ટ્રેન' નામની કવિતા ય ભાવકમાં એક જૂદી મનોયસ્થા રચે છે, સતત ગતિ કરતી ટ્રેનમાં અગતિકતાનો અનુભવ અને ટ્રેનમાં બેઠા રયાનું રજાલ્યાપણું ને એ અજાણ્યતાનો ભાવ તીવ્ર થતાં સંબંધ લાભાપણ લોપ થવા સમો ભાવ ને એમ થાય તો ઓળખની પરસ્પરતાનો ઉડી જતો છેદ અને એ અવસ્થામાં જાગી ઉઠતી સ્મૃતિ કે પેલો ફોન ઘુમાડા કે નથી કાઢતી? ... ટ્રેન.. ટ્રેન.. ટ્રેન.. જાણે લાંબા સમયથી ટ્રેન ચાલી રહી છે ને પ્રવાસ પૂરો થતો નથી. જો આટલા પ્રવાસ થયા પછી ટ્રેનને રયું શું હશે?... પ્રવાસની એકે વિશિષ્ટ અનૂભૂતિ કવિએ રચી છે. નિખિલ ખારોડની દરેક કવિતા તમને ક્યાંક રોકી રાખશે.

એ આધુનિક કાવ્યભાષાની ઈબારત કેવી કેવી રળી આવી છે તેનો અનુભવએ અહીં થશે. તેઓ પોતાને ઓછા બંધાતા કવિ તરીકે ઓળખાવે છે અને એમ પણ પોતાના વિશે કહે છે કે 'દરેક કવિ પોતાનો માર્ગ પોતાની મેળે જ ગોતતો હોય છે, એ સાચું; પણ કવિની પોથીમાંથી કવિતા વાચક સુધી પહોંચે નહીં તો કવિતાની યાત્રા પૂરી થતી નથી.'

આ કાવ્યસંગ્રહનું પ્રકાશન યાત્રાની એક રીત છે. કમલ વોરા જેવા નિખિલ ખારોડના જ સમકાલીન કવિ અને સંપાદક એ નિખિલની કવિતા ઉઘાડી આપતા સરસ લખ્યું છે કે, 'આ કવિ ભાષાને એના સઘળા અલંકારોથી, ધ્વનિ-લયના આવેગોથી, નાદ-વૈભવથી, છંદ-નિયમોથી, રૂપક-કલ્પનોથી-રૂપમાં બધા જ વિશેષોથી અલગ રાખીને ભાળી વાતચીત થઈ રહી હોય એમ કથનાત્મક શૈલી અપનાવતા તેમની કવિતા રચે છે.' આ કથનાત્મક નિરાળી પ્રતીતિ દરેક કવિતામાં થશે.

કમલે વોરાએ જણાવ્યા તેવા વિશેષે કવિ છોડી દે ને કવિતા રચવી કેમ? અને એ જ મોટો પડકાર નિખિલ ખારોડની કવિતા ઝીલે છે. આ કવિને અનેક કવિતાઓ ઋગ્ણાલયના પરિવેશમાંથી મળી છે. 'શિશુનું નામ' કવિતા નામ પાડાવા જેવી સાદી વાતમાંથી જોતજોવામાં વ્યવસ્થાતંત્ર અને કુટુંબ પરંપરામાં શિશુનામ અને જન્મેલા બાળક કોઈ રોગની અવસ્થામાં જન્મે તો?... અચાનત ભાવકને ખ્યાલ આવે છે કે જે 'શિશુનામ' છે તેની સાથે કેટલું બધું વળગેલું છે.

નિખિલ ખારોડની કવિતા દરેક પંક્તિએ ભાવકને જુદી જુદી રીતે સંડોવે અને આખર સુધીમાં અમુક પ્રશ્નો સાથે જોડી દે અને મુંઝવતો તે સંવેદન જગાડવાની વાત હોય. દૃષ્ટિ પૃષ્ઠ ૭૭ પર કહેવા વિશે અથવા સાંભળવા વિશે કવિતા છે તમે તેમાં ભાળે છેદ ઉડાડાતો જતો હોય એમ આખરનો પ્રશ્ન આવી ઊભે છે.

નિખિલ ખારોડ લખે છે તો કવિતા નિખિલ ખારોડ જ લખે છે અને તેઓ આપણા અછાંદસનો વિલક્ષણ સ્વર બને છે. આ કવિતાઓ સાધારણ નથી લખાતી બલ્કે નરી વિલક્ષણ કવિ-સંવેદના અને તેને ભાષારૂપ આપવાની સહજ પણ છતાં આગવી બનતી અભિવ્યક્તિની નીપજ છે.

તેમાં સામાજિક સંવેદનાનું કે સર્જક પાસે જે ભાષા છે તેની મથામણનું ય રૂપ પ્રગટ થાય છે. નિખિલ ખારોડ પોતાની કવિતાનાં પાઠ કરે ત્યારે બહુ જ રસપ્રદ રીતે વાચના ઉઘડે છે. હવે કવિ સંમેલનો, અછાંદસના આગવા રૂપોનો પરિચય કરાવે તેવા ઉપક્રમો ઓછા રચાય છે પણ નિખિલ ખારોડની કવિતારૂપનું લાવણ અને પાઠય વિલક્ષણ ભાવન રચે છે.

## આજનો શબ્દ : 'જંગમ'

જંગમનો સામાન્ય અર્થ છે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેડી શકાય તેવું. જમીન કે પૃથ્વી સાથે કાયમી રીતે જોડાયેલી વસ્તુ ખસેડી શકાતી નથી, તો તે જંગમ નથી. પણ વાહનથી માંડીને આપણી આસપાસ ઘણું છે, જેને સરળતાથી ખસેડી શકાય છે. સંસ્કૃતના ગતિવાચક 'ગમ્' ધાતુ, જેનો અર્થ 'જવું' કે 'ગતિ' કરી શકાય, તે ધાતુ પરથી યઙ્-લુગન્ત પ્રક્રિયા વડે 'જંગમ્' એટલે કે વારંવાર ગતિ કરનાર એવો અર્થ બને છે. જંગમના વિરોધી શબ્દ તરીકે સ્થાવર શબ્દ પ્રયોજાય છે. પણ શૈવ સંપ્રદાયમાં (લિંગાયત/ વીરશૈવમાં) ભ્રમણ કરી ધર્મોપદેશ આપનાર સાધુ અથવા ગુરુઓને પણ 'જંગમ' કહેવાય છે. એક આસામી નવલકથાનું નામ પણ 'જંગમ' (૧૯૭૨) છે, જે દેવેન્દ્રનાથ આચાર્યે લખેલી છે અને ૧૯૭૪નો રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે.

## વચન

તેં મને છેતર્યો એટલે હું તારાથી નારાજ નથી, નારાજ એ વાતથી છું કે હું હવે તારા પર વિશ્વાસ નહીં કરી શકીશ.

**- ફ્રેડ્રિક નિત્સે**

મેં કોઈને મારી જિંદગીમાંથી દૂર કર્યા નથી, તેઓ બધા વિશ્વાસ-અવિશ્વાસના અકસ્માતમાં મરી ગયા છે.

**- દોસ્તોએવસ્કી**

મૃત્યુથી નહીં ડરો, ડરો તો એ જિંદગીથી ડરો જે અધૂરી છે ને તમે પૂરી કરી શક્યા નથી.

**- બર્તોલ્ટ બ્રેખ્ત**

જે થયું તે તો થોડું જ છે, નથી થયું તે જ અપાર છે.

**- રોબર્ટ બ્રાઉનિંગ**

હું એવું જરૂર ઈચ્છીશ કે તું એ જાણે કે મારા આત્માનું છેલ્લું સ્વપ્ન તું છે.

**- ચાર્લ્સ ડિકન્સ**

## હું પૂછું, તમે કહો

**(1) કનૈયાલાલ મુનશીએ નવલકથા, વાર્તા, નાટક લખ્યાં અને આત્મકથા પણ લખી છે. તેમની એ આત્મકથાનું નામ શું?**

(ક) અડધે રસ્તે (ખ) મારી દુનિયા
(ગ) મારી હકીકત (ઘ) આત્મવૃત્તાંત

**(2) વિશ્વસાહિત્યમાં 'એ ટેલ ઓફ ટુ સિટીઝ' સૌથી વધુ આવૃત્તિઓ ધરાવતી નવલકથા ગણાય છે. તેની 20 કરોડથી વધુ નકલો વેચાઈ ગઈ છે એ નવલકથાના લેખક કોણ?**

(ક) અર્નેસ્ટ હેમિંગ્વે (ખ) લિયો ટોલ્સટોય
(ગ) ચાર્લ્સ ડિકન્સ (ઘ) વિક્ટર હ્યુગો

**(3) કનૈયાલાલ મુનશીની કઈ નવલકથામાં કનક અને મંજરીનાં પાત્રો છે.**

(ક) પાટણની પ્રભુતા (ખ) રાજાધિરાજ
(ગ) પૃથિવી વલ્લભ (ઘ) ગુજરાતનો નાથ

**(4) મધુરાયે તેમની નવલકથા પરથી નાટકો ને નાટકો પરથી નવલકથા લખી છે. તો 'સભા' નવલકથા પરથી તેમણે લખેલા નાટકનું નામ શું?**

(ક) કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો (ખ) આપણે કલબમાં મળ્યા હતા
(ગ) કુમારની અગાસી (ઘ) કિમ્બલ રેવન્સવુડ

**(5) સાહિત્ય ક્ષેત્રમાં પતિ-પત્ની બંને સાહિત્યકારો હોય એવાં ઉદાહરણો છે. રામનારાયણ પાઠક, હીરાબહેન પાઠક, હર્ષદ ત્રિવેદી- બિંદુ ભટ્ટ અને એમ વીનેશ અંતાણીનાં પત્ની પણ લેખિકા છે. વીનેશ અંતાણીની નવલકથાના પાત્ર નામ વચ્ચે અહીં તેમનું નામ છે.**

(ક) પુષ્પા (ખ) ચારુ
(ગ) રચના (ઘ) માયા

જવાબો
1- ક, 2-ગ, 3-ઘ, 4-ગ, 5-ક

## ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

### કોણ કરશે ગરીબોની રક્ષા?

આરોગ્ય અને શિક્ષણ કોઈપણ રાષ્ટ્રના પાયા છે. એક સમય હતો જ્યારે ડોક્ટરને ભગવાનનું બીજું સ્વરૂપ માનવામાં આવતા અને દવાખાનાને સેવાધામ ગણવામાં આવતું હતું. પરંતુ આજે આરોગ્ય ક્ષેત્રમાં વધતું વ્યાપારીકરણ ચિંતાજનક છે. સામાન્ય શરદી-ઉધરસ જેવી બીમારીમાં પણ દર્દીઓને લાંબા રિપોર્ટ કરાવવાનું કહેવામાં આવે છે. ઘણીવાર જરૂરીયાત કરતાં વધુ લેબોરેટરી ટેસ્ટ અને સ્કેનિંગના કારણે દર્દીઓએ હજારો રૂપિયા ખર્ચવા પડે છે. કેટલીક જગ્યાએ ડોક્ટરો અને લેબોરેટરી વચ્ચે કમિશનખોરીની ફરિયાદો પણ ઊઠે છે. જો દર્દીની જરૂરિયાતને બદલે આર્થિક ફાયદાને પ્રાથમિકતા આપવામાં આવે, તો તે તબીબી નૈતિકતા સામે ગંભીર સવાલ ઊભા કરે છે. મોંઘવારીના સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે અચાનક આવી પડતો તબીબી ખર્ચ આફત સમાન છે. સારવાર અને રિપોર્ટનાં બિલ ચૂકવવા અનેક પરિવારોને દેવું કરવું પડે છે. દર્દી હોસ્પિટલમાં આશા અને વિશ્વાસ લઈને આવે છે, પરંતુ બિનજરૂરી ખર્ચ તેને આર્થિક અને માનસિક રીતે ભાંગી નાખે છે. હિપ્પોક્રેટ્સની શપથ લેનારા તબીબોએ સેવાના મૂળભૂત મૂલ્યો જાળવવા જોઈએ. સરકારે અને તબીબી સંસ્થાઓએ બિનજરૂરી ટેસ્ટ તથા કમિશનખોરી પર નિયંત્રણ માટે પારદર્શક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. કારણ કે તબીબી ક્ષેત્રમાં નફો નહીં, પરંતુ દર્દીનું સ્વાસ્થ્ય અને માનવતા સર્વોપરી હોવાં જોઈએ.

**ભરૂચ - રાજ હેતલસિંહ**

### ઘારીના ઈતિહાસમાં પણ લોચો!

'પ્રણેતાની વણજાણેલી વાતો' લેખમાં સંત નિર્મળદાસજીના જીવન, ઘારીની ઉત્પત્તિ અને ૧૮૫૭ના વિપ્લવ સાથે જોડાયેલી અનેક વાતો રજૂ થઈ છે. જોકે, આ દાવાઓ ઐતિહાસિક ચકાસણી માગે છે. લેખ મુજબ, ઈ.સ. ૧૮૩૮માં સંતે કંદોઈ દેવશંકર શુક્લને ઘારી બનાવવાની પ્રેરણા આપી હતી અને તાત્યા ટોપેના સૈનિકોને ઊર્જા આપવા ઘારી બનાવાઈ હતી. પરંતુ આ દાવાઓને સમર્થન આપતો સમકાલીન પુરાવો કયો છે? સંતના જીવનપ્રસંગો, ધરપકડ, જેલમાં ચમત્કારો અને અંગ્રેજ અધિકારીઓ સાથેની ઘટનાઓ માટે પણ સ્વતંત્ર ઐતિહાસિક સ્રોતો જરૂરી છે. લોકકથાઓ અને ધાર્મિક માન્યતાઓનું પોતાનું મહત્ત્વ છે, પરંતુ પુરાવા વિના તેમને પ્રમાણિત ઈતિહાસ તરીકે રજૂ કરવી યોગ્ય નથી. અહીં લેખકના ઈરાદા પર નહીં, પરંતુ ઐતિહાસિક લેખનની વિશ્વસનીયતા પર સવાલ છે. અખબારની જવાબદારી રસપ્રદ કથા રજૂ કરવાની સાથે તેના સ્રોતોની ચકાસણી કરવાની પણ છે. સુરતની ઘારી અને ચંદની પડવાની પરંપરા આગવી ઓળખ ધરાવે છે. તેના ગૌરવ માટે પુરાવા વિના ઐતિહાસિક સંબંધો સ્થાપિત કરવાની જરૂર નથી. ઈતિહાસ ગૌરવગાન નહીં, પરંતુ પુરાવા, સમયક્રમ અને તર્કના આધારે ભૂતકાળને સમજવાની પ્રક્રિયા છે. વારંવાર કહેવાયેલી દરેક કથા ઐતિહાસિક સત્ય બની જતી નથી.

**સુરત - નિલેશ ચૌહાણ**

### દિવાળીએ સ્થાનિક બજારમાંથી ખરીદી કરવાનો સંકલ્પ

દિવાળી એટલે પ્રકાશ, આનંદ અને ખુશીઓનો તહેવાર. પરંતુ દિવાળીની સાચી ઉજવણી ત્યારે જ સાર્થક બને, જ્યારે આપણા આનંદની સાથે નાના વેપારીઓના ઘરમાં પણ ખુશીનો દીવો પ્રગટે. આજે લોકો મોટા મોલ અને શોપિંગ સેન્ટરોમાં ખરીદી કરવાનું વધુ પસંદ કરે છે. પરિણામે સ્થાનિક કુંભારો, ફેરિયાઓ, કારીગરો અને નાના વેપારીઓને પૂરતો વેપાર મળતો નથી. તેમની આવકથી જ પરિવારનું ગુજરાન, બાળકોનું શિક્ષણ અને રોજિંદી જરૂરિયાતો પૂરી થાય છે. આ દિવાળીએ ખરીદી કરતી વખતે સ્થાનિક વેપારીઓને પ્રાથમિકતા આપીએ. માટીના દીવા કુંભાર પાસેથી, પૂજાની સામગ્રી સ્થાનિક દુકાનોમાંથી અને ફૂલહાર ફેરિયાઓ પાસેથી ખરીદીએ. આપણી નાની ખરીદી પણ કોઈ પરિવાર માટે મોટો આર્થિક સહારો બની શકે છે. તેનાથી રોજગારી વધશે અને સ્થાનિક અર્થતંત્ર પણ મજબૂત બનશે. મોટા મોલમાં ખરીદી કરવી ખોટી નથી, પરંતુ સ્થાનિક વેપારીઓને પણ તક આપવી આપણી સામાજિક જવાબદારી છે. દિવાળીનો સાચો અર્થ માત્ર પોતાનું ઘર રોશન કરવાનો નથી, પરંતુ બીજાના જીવનમાં પણ ખુશીનો પ્રકાશ ફેલાવવાનો છે. ચાલો, આ દિવાળીએ સંકલ્પ કરીએ કે સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપીશું અને સૌની દિવાળી ખુશહાલ બનાવીશું. "મોટા મોલ છોડો, સ્થાનિક વેપારીઓને જોડો." કારણ કે નાના વેપારીના ચહેરા પરનું સ્મિત જ સાચી દિવાળીની ઓળખ છે.

**સુરત - સંદીપ માંગુકિયા**

### આપણે તહેવારોની સાચી ઉજવણી ક્યારે કરીશું?

આપણે ત્યાં વર્ષોથી કેટલાક તહેવારો સાથે ખાસ વાનગીઓ જોડાયેલી છે. વડીલોએ સ્થાપેલી પરંપરાઓનું પાલન કરવામાં આપણે ભલે પાછા પડીએ, પરંતુ ખાણીપીણીમાં આ પરંપરાઓ નિભાવવામાં પાછા પડતા નથી. ઘણા લોકોને તો તહેવાર શા માટે ઊજવાય છે અને તેનું મહત્ત્વ શું છે તેની જાણ પણ હોતી નથી! જન્માષ્ટમી આવે એટલે માખણ, રક્ષાબંધન આવે એટલે રાખડી અને મીઠાઈ, ધૂળેટી આવે એટલે રંગ અને મઠો, જ્યારે દશેરા આવે એટલે ફાફડા-જલેબી માટે પડાપડી થાય છે. રામ અને રાવણ વચ્ચેના સત્ય-અસત્યના યુદ્ધમાં ફાફડા ક્યાંથી આવ્યા, એનો જવાબ કેટલાને ખબર છે? ત્યાર બાદ આવે સુરતનો ખાસ તહેવાર ચંડી પડવો. આ દિવસે સુરતીઓ ઘારી-ભૂસું ખરીદવા કલાકો સુધી લાઈનમાં ઊભા રહે છે અને બમણા ભાવ ચૂકવે છે. તહેવારના નામે મોંઘી વાનગીઓ ખરીદવાનો આ મોહ કેટલો યોગ્ય છે? બદલાતી આબોહવા અને આરોગ્યની ચિંતાઓ વચ્ચે વાસી કે અગાઉથી બનાવેલી વાનગીઓ માટે આટલી પડાપડી શા માટે? બીજી તરફ, તહેવારોમાં દારૂની મહેફિલો અને નશાનું પ્રમાણ વધતું હોવાની ચિંતા પણ છે. ઉત્તરાયણ અને દિવાળી જેવા પર્વોમાં પરંપરાગત ઉજવણી કરતાં મોજશોખને વધુ મહત્ત્વ મળતું જાય છે. તહેવારોનો હેતુ આનંદની સાથે સંસ્કૃતિ, શ્રદ્ધા અને મૂલ્યોને જાળવવાનો છે. તો પછી વિચારીએ કે આપણે ખરેખર તહેવારો ઊજવીએ છીએ કે માત્ર ખાણીપીણી અને મોજશોખમાં જ અટવાઈ ગયા છીએ?

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

### આપણી સુરક્ષા આપણા હાથમાં

સત્વરે આપણે બેંકમાં લેવડદેવડ માટેના પાસવર્ડ બદલી લઈએ, કારણ કે એક બેંકના પોર્ટલ પરથી લાખો ગ્રાહકોના ડેટાની ચોરી થઈ છે. મેં મારા પાસવર્ડ બદલી નાખ્યા, આપ શું કરશો? પાસવર્ડ કોમ્પ્લેક્સ બનાવશો. કુટુંબના સભ્યનાં નામ કે તારીખથી દૂર રહેશો. ઉદાહરણ તરીકે, મારા પાસવર્ડમાં એક જૂની સામાજિક મૂવીનું નામ અને ચાર આંકડાનો નંબર છે.

**સુરત - બલદેવ પરમાર**

### શરદપૂનમ: ચાંદનીમાં ખોવાતી પરંપરા!

શરદપૂનમ એટલે શરદઋતુની પૂર્ણિમા, ચાંદની રાત અને દૂધપૌવાની પરંપરા સાથે જોડાયેલો ઉત્સવ. ગુજરાતમાં આ દિવસનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે. અનેક પરિવારો દૂધપૌવા બનાવીને ઉજવણી કરે છે, તો ક્યાંક ગરબા અને રાસના કાર્યક્રમો પણ યોજાય છે. લોકમાન્યતા મુજબ આ રાત્રિની ચાંદની વિશેષ મહત્ત્વ ધરાવે છે, પરંતુ તેની સાથે જોડાયેલી દરેક માન્યતાને વૈજ્ઞાનિક તથ્ય માનવું યોગ્ય નથી. આજના સમયમાં તહેવારોની ઉજવણી ઘણી વાર ફોટોગ્રાફી, સોશિયલ મીડિયા અને દેખાડા સુધી સીમિત થતી જાય છે. જ્યારે તહેવારનો સાચો આનંદ પરિવાર સાથે સમય વિતાવવામાં, લોકપરંપરાઓને સમજવામાં અને નવી પેઢી સુધી તેનું મહત્ત્વ પહોંચાડવામાં છે. શરદપૂનમની ચાંદની આપણને પ્રકૃતિ સાથે જોડાવાની તક આપે છે. તો શું આપણે તહેવારોની ઉજવણીમાં તેમની પાછળ રહેલી સંસ્કૃતિને પણ એટલું જ મહત્ત્વ આપીએ છીએ જેટલું મનોરંજનને આપીએ છીએ?

**સુરત - પુનમ જરીવાલા**

# ચિત્તનું ઊંડું અવગાહન કરાવતા નિબંધો

તળાવનું થાળું ત્યારે કરચલિયાંનું બને જ્યારે તેના પાણીને કંઈક સૂરજે સુકવ્યું હોય, કંઈક અંદર ઊતરી ગયાં હોય, જમીનના સુકાતા તળે શોષાયાં હોય.

રમણીક સોમેશ્વર કચ્છના ભુજમાં વસતા કવિ છે અને ત્યાંનું હમીરસર તળાવ વરસાદી મહિનાઓમાં જો ભરાય તો આખું નગર છલકાય છે. કવિતાના બે સંગ્રહ, અનુવાદના ત્રણ ગ્રંથ, ત્રણ સંપાદન આપી ચૂકેલા રમણીક સોમેશ્વર કવિતાની ક્ષણોમાં નિબંધ પણ લખે છે. 'કવિતાની જેમ નિબંધો લખવાનું પણ ગમે.'

'કરચલિયાનું તળાવ' પુસ્તક છ બાય છની સાઈઝમાં છે. 31 નિબંધો ધરાવે છે. તેનો રસાનુભવ વાચકને કેટલીક એવી અનુભૂતિ કરાવશે, જે કાવ્યમય ગદ્ય વડે જ શક્ય બને. આ નિબંધોને કોઈ ખાનામાં પાડી દેવાની ઉતાવળ કરવા જેવું નથી. પ્રકૃતિના સ્થળને આલેખતાં ક્યારે કોઈ ગુહ્ય, અનનુભૂત ક્ષણ પર પહોંચી જવાય તે કહેવાય નહીં.

રમણીકભાઈ નિબંધ લખે ત્યારે જે વિષય મનમાં જે રીતે અનુભૂત થયો અને યોગ્ય ભાષા, શૈલીમાં ઊતર્યો, એટલું જ લખે. દીર્ઘ કવિતા જ લખવાની જીદ વિના પણ લખી શકાય–દુહા પળ, શેર પળ, ટાંકા પળ, હાઈકુ પળ. રમણીકભાઈ આ બાબતે સ્વૈરમત ધરાવે છે. પણ તેથી શું?

'નિર્જન રસ્તા પર એકાકી ચાલું છું. પવન મારા શરીરને લપેટાય છે. પવન મને ગલીપચી કરે છે. પવન હળવેકથી સ્પર્શે છે અને ઝણઝણાટી જગવે છે. હું પવનમાં ધીમે ધીમે ઓગળતો જાઉં છું.'

તેઓ લખતાં લખતાં કાવ્યક્ષણ પાસે પહોંચી જાય છે.

'દરિયો હોય એટલે ગર્જના હોય જ એવું થોડું છે? ના, હવે હું અને દરિયો નહીં, માત્ર દરિયો જ છે, બીજું કશું જ નથી. કદાચ દરિયો પણ નથી.'

આ એકાકારતાની ક્ષણમાં જે વિગત અનુભવાય છે તે મનુષ્યચિત્તનાં અજાણ્યાં પડાવોની છે.

'સમય અને સંદર્ભો ઘણી વાર સાથ આપે છે. પવનને વેરણછેરણ કરી મૂકે છે એ મને. ભાંગી પડેલો હું તંદ્રા-નિદ્રામાં ઝૂલતો ફરી ફરી ઝઝૂમવા કટિબદ્ધ થતો રહું છું!'

ભાવક સ્તબ્ધ રહી જાય છે.

રમણીક સોમેશ્વરે કોઈ ટેવવશ કે ભાષા-શૈલિવિહારવશ આ નિબંધો લખ્યા નથી. આરંભે જ લખ્યું છે:

'દશાંગુલ છિદ્રો ધરાવતી મારી અંજલિમાં ઝિલાય તેથી વધારે ઝરી જાય, અને ઝિલાયું હોય તેમાંથીય કેટલુંક પાછું ઝાકળની જેમ સરી જાય. એમ ઝરતાં સરતાં જે થોડી ભીનાશ બચી તે આમ મૂકી દીધી છે અહીં કાગળ પર.'

રમણીકભાઈ સંવેદનની ઝીણી ભાત અંકાવતાં જે ગદ્ય સર્જે છે તે પોતીકી તાસીર રચે છે.

'અગાસીને "ચંદ્રશાળા" પણ કહે છે. આમ તો દિવસે "સૂર્યશાળા" પણ કહી શકાય!' થાય કે આપણી ભાષાઓએ રચેલા કેવા




**પુસ્તકઃ** કરચલિયાનું તળાવ (નિબંધસંગ્રહ) **નિબંધકારઃ** રમણીક સોમેશ્વર **પ્રકાશકઃ** ઝેન ઓપસ, અમદાવાદ **મૂલ્યઃ** રૂ. ૨૨૫/-

સંદર્ભોનું સ્મરણ તેઓ કરે છે! તેઓ અંગત નિબંધ લખે ત્યાં પણઃ

'હું જોયા કરું છું મારા ગૂંચવાડાઓને, મારા ભયો, આકાંક્ષાઓ, અભિગ્રહો અને વિષાદોને, ખંડખંડમાં વેરાયેલા મારા સંદર્ભોને, મારા અજંપા અને ઉધામાઓને, આનંદની મારી ઝંખનાને!' આ આત્મચિંતન કંઈ અસ્તિત્વવાદના કુળનું નથી. આ પુસ્તકમાં વિસ્મયનાં ઘણાં રૂપો છે તો વિષાદ પણ છે. પરંતુ બોલકું બન્યા વિના, ઠર્યા ચિત્તથી, મનની અવસ્થાને સહજ ઊતરવા દેતાં જે ગદ્ય બને છે તે અહીં અનુભવાશે.

'અનાયાસ'ની અવસ્થા બધાને પ્રાપ્ત થતી નથી. વીનેશ અંતાણીએ સરસ ઉદ્ઘાટક બનીને લખ્યું છેઃ 'અનુભૂતિ ધીરે ધીરે ગાઢ બનતી મન અને ભાષાની વિવર્તલીલામાં આકાર લઈ ઊઠે છે!'

તેમણે જ લખ્યું છે, 'આ નિબંધોમાં સર્જકની કેવી છબી ઊભી થાય છે?' વિચારમગ્ન, અવઢવમાં ડૂબેલી, વિવિધ પ્રશ્નાવલિનાં સાત કોઠા વીંધવા મથતી, ચોમેર પથરાયેલા વિશ્વનાં બાહ્ય અને આંતરિક રહસ્યોથી વિસ્મય પામવા ઝંખતી વ્યક્તિ!

પહેલાં અંજાર અને હવે ભુજમાં વસતા રમણીકભાઈ સાંગ નદી વિશે લખે છે ત્યારે સમજાય છે કે એ સાવ સૂકી નથી. આરંભમાં:

'નદી તો નામની જ. રિક્ત સ્રોતોવાળી, રેતીનો એક લાંબો પટ જ કહોને!'

પણ એ નદી એમની ચેતનામાં મંદમંદ વહ્યા કરે છે.

'સદીઓની સદીઓ ધરબાયેલી હશે એના પેટાળમાં.'

આ કવિચિત્તનું ઉત્પન્ન છે. પુસ્તકમાં જરા દીર્ઘ કહેવાય એવો નિબંધ ભરીભરી અંગત સ્મૃતિઓ ધીરે ધીરે જે એકલતા સર્જે છે ને સાંગ સમું પોતાનામાં ઉતરી આવે તેનો અનુભવ કરાવે છે. 'કરચલિયાનું તળાવ' કુટુંબના સ્વજનોની અને તેમની વચ્ચે જીવ્યાની સ્મૃતિઓ આલેખે છે. કરચલિયાનું તળાવ તેમાં ભરાવા માંડે છે. જુદી જુદી સ્મૃતિઓનાં છેડા ભેગા થતાં, વિગતકણોથી કરચલિયાનું તળાવ છલછલતું મારી આંખોમાં ઊતરે છે અને નાસિકના ઉત્તમ ગરમાગરમ સમોસાંની સુગંધ. એમાં તરવર્યા કરે દાદાની સ્મૃતિઓ–!

થશે કે આ સ્મૃતિઓ કોની છે?

'કરચલિયાનું તળાવ' તાજા અનુભવોથી સર્જાયેલા નિબંધોનો સંગ્રહ છે. આમાં કશું જ કાવ્યાભાસી નથી; જે છે તે નરી અનુભૂતિક્ષણના ભાષાખંડો છે. નિબંધો લઘુ છે, પણ ભાવનમાં તે સ્વચ્છ વિસર્જન પામતા રહે એવા છે. જે કંઈ દૃશ્યમાન જગત છે, જે કંઈ અનુભૂતિગમ્ય જગત છે, તે ભાષાના પટમાં ઊતરે ત્યારે જે સહજ ગદ્યરૂપ સર્જાય તે અહીં પમાશે.

'કરચલિયાનું તળાવ' અનેક પ્રકારનાં ભોંય-આંકાવાળું છે. કવિતાનું સંવેદન ગદ્યને કેવું પ્રાંજલ અને અનુભૂતિસક્ષમ બનાવે તેને પામવા આ નિબંધો વાંચવા.